રૂપિયો ઓલટાઈમ નીચી સપાટીએ

મુંબઈ,તા.૨૨

ડોલર સામે રૂપિયો આજે સતત બીજા સેસનમાં રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો. આની સાથે જ છેલ્લા નવ મહિનામાં રૂપિયો સૌથી નિરાશાજનક સાપ્તાહિક નીચી સપાટીએ રહ્યો છે. કારોબારીઓનુ કહેવુ છે કે ઓઈલ કંપનીઓ અને સોનાના આયાતકારો તરફથી ડોલરની માંગ વધી જતા રૂપિયામાં રેકોર્ડ ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે કારોબારના અંતે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીને સ્પષ્ટ કર્યા બાદ પ૭.૧૨ની નીચી સપાટીએ રહ્યો હતો. છેલ્લા ત્રણ સત્રમાં રૂપિયામાં ફરીવાર ઉથલપાથલ થઈ રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રૂપિયાના અવમૂલ્યનને રોકવા માટે પગલાઓ પણ લીધા છે. આજે કારોબારના અંતે એસબીઆઈના આંકડા મુજબ રૂપિયો પ૭.૧૨/૧૩ની સપાટીએ રહ્યો હતો. એક વખતે ઈન્ટ્રાડે દરમ્યાન રૂપિયો પ૭.૩૨ની નીચી સપાટી સુધી પહોંચી ગયો હતો. ગુરુવારના દિવસે રૂપિયો પ૬.૩૦/૩૧ની સપાટીએ રહ્યો હતો. આંકડાઓમાં જણાવવામા આવ્યુ છે કે રૂપિયામાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો પણ જવાબદાર છે. જેમાં ઓઈલ કંપની તરફથી ડોલરની માંગ ફરી એકવાર વધી ગઈ છે. સપ્તાહ દરમ્યાન રૂપિયો ત્રણ ટકાથી વધુ ઘટી ગયો છે. જેથી નવ મહિનામાં સૌથી નીચી સાપ્તાહિક સપાટી જોવા મળી છે. આરબીઆઈએ ઓઈલ કંપનીઓ સાથે વાતચીત કર્યા બાદ તેમાં આંશિક રિકવરી નોંધાઈ હતી. ઓઈલ કંપનીઓ હાલ બેંકો મારફતે સ્પર્ધાત્મક બિડીંગથી ડોલરની ખરીદી કરી રહી છે.

કરન્સી ફ્યુચર માર્કેટમાં રૂપિયાની આ સ્થિતિને લઈને રોકાણકારોમાં ચિંતા દેખાઈ રહી છે.

સેંસેક્સે ૧૭ હજારની સપાટી ગુમાવી

શેરબજારમાં આજે ઉથલપાથલના સત્રનો અંતે સેંસેક્સમાં ૬૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી સેંસેક્સ ૧૬૯૭૩ની નીચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ફરી એકવાર ૧૭હજારની સપાટી ગુમાવી દીધી છે બીજી બાજુ નિફ્ટી ૧૯ પોઈન્ટ ઘટી ૫૧૪૬ની સપાટીએ રહ્યો હતો. એશિયબજારમાં પણ આજે ઉથલપાથલની સ્થિતિ રહી હતી. રેટીંગ એજન્સીઓ કેટલીક બેંકોને ડાઉન ગ્રેડ કરતા તેની પણ અસર જોવા મળી હતી. જાપાનના નિક્કીમાં ૦.૩ટકાનો ઘટાડો રહ્યો હતો. ઘર આંગણે બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડસ, આઈટી, એફએમસીજી, ઈન્ડેક્ષમાં પણ મંદી જોવા મળી હતી. બીએસઈ રિયાલીટી અને ઓટો ઈન્ડેક્ષમાં પણ મિશ્ર સ્થિતિ રહી હતી. બીએસઈ ઓટો ઈન્ડેક્ષમાં ૦.૧ ટકાનો સુધારો થયો હતો. કોલકાતા હાઈકોર્ટે સિંગુર જમીન કેસમાં ચુકાદા આપ્યા બાદ તેમા સુધારો થયો હતો. સેંસેક્સને નીચી સપાટીમાં લઈ જવામા રિલાયન્સની ભૂમિકા રહી હતી. તેમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અન્ય જે શેરમાં મોટુ નુકસાન થયુ હતુ તેમાં એચડીએફસી અને ઈન્ફોસિસનુ સમાવેશ થાય છે. હિન્ડાલકો અને તાતા સ્ટીલમાં ત્રણ ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઓએનજીસી અને સિપલામાં ૧.૪ ટકાનો સુધારો થયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં ઓએનજીસીમાં ચાર ટકાનો સુધારો થયો છે. ચીનની સૌથી મોટી ઓઈલ કંપની ચાઈના નેશનલ પેટ્રોલિયમ સાથે ઓએનજીસીએ હાલમાં તેલ સંસોધન કંપનીએ સમજૂતી કરી છે. સિમેન્ટ કંપનીઓના શેર આજે દબાણ હેઠળ રહ્યા હતા. બીએસઈમાં આજે મોટાભાગે ઉથલપાથલ વાળુ સત્ર રહ્યુ હતુ. ૨૮૮૪ શેરમાં કારોબાર થયો હતો જેપૈકી ૧૩૮૨ શેરમા મંદી નોંધાઈ હતી. અને ૧૩૬૩ શેર તેજીમાં રહ્યા હતા.

મહારાષ્ટ્ર મંત્રાલય આગમાં મૃત્યુ આંકડો વધી પાંચ થયો

મુંબઈ,તા. ૨૨

મહારાષ્ટ્રના મંત્રાલયમાં ગઈકાલે ફાટી નિકળેલી ભીષણ આગના બનાવમાંવધુ બે લોકોના મૃતદેહ મળી આવતા મોતનો આકંડો વધીને પાંચ ઉપર પહોચ્યો હતો. દરમ્યાન મુંબઈ પોલીસે આ બનાવમાં આકસ્મિક મોતનો કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ફાયર બ્રિગેડના અધિકારી એસવી જોશીએ કહ્યુ છે કે આગામી બે દિવસ સુધી કુલીંગ ઓપરેશન જારી રહેશે. ફાયર બ્રિગેડના કર્મચારીઓને ઈમારતના છઠ્ઠા માળે ચકાસણી દરમ્યાન આજે બે મૃતદેહ મળી આવ્યા હતા. ગઈકાલ બાદથી જેજે હોસ્પિલટમાં ત્રમ મૃતદેહ લવાયા હતા.આની સાથે મોતનો આંકડો વધીને પાચ પર પહોંચી ગયો હતો. મહારાષ્ટ્ર કેબિનેટની મીટિંગ યોજાઈ હતી જેમા આગના બનાવની સમીક્ષા કરાઈ હતી. મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આગના બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસનો આદેશ કર્યો છે. વિધાનભવન ખાતે મહત્વની મીટિંગ યોજાઈ હતી. નાયબ મુખ્યમંત્રી અજીત પવારે મંત્રાલયની મુલાકાત લીધી હતી અને સાત માળની ઈમારતમાં ચાલી રહેલા પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. પવારે કહ્યુ હતુ કે છઠ્ઠા માળ ઉપર આવેલી મુખ્યમંત્રીની ઓફિસને વધારે નુકસાન થયુ નથી. આસપાસની ઓફિસોને ભારે નુકસાન થયુ છે. બે ચાવીરૂપ ઓફિસોને કોઈપણ નુકસાન થયુ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ફાટી નિકળેલી આગના કારણે કરોડોનું નુકસાન થયું છે. ભીષણ આગના બનાવમાં પાંચ લોકોના મોત થયા છે. ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ ગઈકાલે જ આગ પર કાબુ મેળવી લીધો હતો.આગ પર કાબુ મેળવવામાં આશરે બે કલાકનો સમય લાગ્યો હતો. જો કે આ આગની ઘટના બાદ ટ્રાફિક જામની સ્થિતી સર્જાહિતી. ફાયર બ્રિગેડની ૨૫થી વદારે ગાડીઓ આગ પર કાબુ મેળવવા સક્રિય થઈ ગઈ હતી.

ભાજપના રાષ્ટ્રવ્યાપી જેલ ભરો આંદોલન દરમ્યાન લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મ સ્વરાજ અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓએ ધરપકડ વ્હોરી

નવી દિલ્હી,તા.૨૨

જીવનજરૂરી ચીજવસ્તુઓ અને પેટ્રોલીયમ પેદાશોની કિંમતમાં તીવ્ર વધારા સમયના વિરોધમાં ભાજપના રાષ્ટ્રવ્યાપી જેલ ભરો આંદોલન દરમ્યાન લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મ સ્વરાજ અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓએ ધરપકડ વ્હોરી હતી. પક્ષના હેડક્વાર્ટરની સામે ધરપકડ કરવામા આવી હતી. યૂપીએના પ્રધાનો પર ભાજપના નેતાઓએ આકરા પ્રહારો કર્યા હતા. અને કહ્યુ હતુ કે દેશમાં વધતા જતા ફુગાવા માટે યૂપીએ પ્રધાનાનો ભ્રષ્ટાચાર જવાબદાર છે. સ્વરાજ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુંદરલાલ પટવા, કૈલાશ જોશીએ ધરપકડ વ્હોરી હતી. એડીશનલ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ ઉમાશંકર ભાર્ગવે જાહેરાત કરી હતી કે સ્થળ કામચલાઉ જેલ તરીકે છે. જો કે મોડેથી તેમને છોડી મુકવામા આવ્યા હતા. અગાઉ દેખાવકારોને સંબોધતા સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે યૂપીએ સરકારની ખોટી નીતિઓ અને પ્રધાનોના ભ્રષ્ટાચારના લીધે હાલત કફોડી બનેલી છે. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે એક પ્રધાનના કારણે ૧.૭૬ લાખ કરોડોનો નુકસાન થયો છે. માત્ર દિલ્હીમાં જ નહી બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ ક દિવસના જેલભરો આંદોલનની અસર જોવા મળી હતી.

જેલ ભરોની આજે સવારે શરૂઆત થઈ હતી. જેલભરો આંદોલન દરમિયાન પક્ષના નેતાઓ અને કાર્યકરોએ ધરપકડ વ્હોરી હતી. રાષ્ટ્રવ્યાપી આદોલનનો મુખ્ય હેતુ યુપીએ સરકાર ઉપર દબાણ લાવવાનો હતો. ભાજપ દ્વારા દેશના જુદા જુદા વિસ્તારોમાં જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. દેશના જુદા જુદા ભાગોમાં રેલીઓ અને વિરોધ પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. ભાવવધારાના વિરોધમાં લોકોમાં જાગૃતિ જગાવવાના પ્રયાસ થયા હતા. ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે તમામ રાષ્ટ્રીય અને રાજયસ્તરીય નેતાઓ જેલભરો આંદોલનમાં જોડાયા હતા. સમાજના દરેક વર્ગના લોકો આમા જોડાયા હતા. મુખ્તાર અબ્બાસે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મનમોહનસિંહ એક ભ્રષ્ટાચારી સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ભ્રષ્ટાચારીઓને બચાવી રહ્યા છે. બંને ઈમાનદારીના નામ ઉપર છેલ્લા આઠ વર્ષથી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહ્યા છે. ભાજપે આક્ષેપ કર્યો છે કે છેલ્લા આઠ વર્ષમાં રેકોર્ડ પાક ઉત્પાદન થયું હોવા છતાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. ફુડ ઓઈલની આયાત આશરે ૮૫ ટકા છે. જ્યારે એનડીએના શાસન દરમિયાન ફુડ ઓઈની આયાત ૬૫થી ૭૦ ટકા હતી. પાઈપ ગેસ, બાયોડીઝલ, ઈથેનોલ જેવા વેકલ્પિક સોર્સ ઉપર અગાઉની એનડીએ સરકારે ધ્યાન આપ્યું હતું. નકવીએ કહ્યું હતું કે જેલભરો આંદોલનમાં ભાજપ પ્રમુખ નીતિન ગડકરી નાગપુરમાં જોડાઈ રહ્યા છે જ્યારે વૈકયાનાયડુ મુંબઈમાં, ગોપીનાથ મુડે મહારાષ્ટ્રમાં, સુષ્મા સ્વરાજ ભોપાલમાં, નરેન્દ્ર સિંહ તોમર મધ્ય પ્રદેશમાં, અરુણ જેટલી, રાજનાથ સિંહે દિલ્હીમાં દેખાવોનું નેતૃત્વ કર્યુ હતુ.

ભારતમાં મહત્વપૂર્ણ મોનસુની વરસાદ વર્ષ ૨૦૧૨માં હજુ પણ સરેરાશ રહેવાની અપેક્ષા

નવી દિલ્હી,તા.૨૨

છેલ્લા થોડાક સપ્તાહમાં ઓછા વરસાદ અંગે પ્રવર્તી રહેલી ચિંતાને ફગાવી દઈને ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) આજે જાહેરાત કરી હતી કે ભારતમાં મહત્વપૂર્ણ મોનસુની વરસાદ વર્ષ ૨૦૧૨માં હજુ પણ સરેરાશ રહેવાની અપેક્ષા છે. એક નિવેદનમાં હવામાન કચેરીએ કહ્યુ છે કે વર્ષ ૨૦૧૨માં મોનસુની વરસાદ તેના એપ્રિલની આગાહી ૯૯ ટકાની સામે લોન્ગ ટર્મ એવરેજ સરેરાશ ૯૬ ટકાની આસપાસ રહેશે. હવામાન વિભાગના વર્ગીકરણ મુજબ સામાન્ય અથવા સરેરાશ મોનસુની વરસાદનો મતલબ ૯૬-૧૦૪ ટકા વચ્ચે વરસાદ છે. જ્યારે દેશભરમાં દક્ષિણ પશ્ચિમ મોનસુન સામાન્ય રહેવાની આગાહી કરવામા આવી છે. વર્ષ ૨૦૧૨માં દેશભરમાં સ્થિતિ સામાન્ય રહેશે. આશરે ત્રણ દિવસ સુધી ચોમાસુ જામવામા વિલંબની સ્થિતિ સર્જાઈ છે. કેરળમાં પાંચમી જૂનના દિવસે મૂળભૂત રીતે ચોમાસુ બેસી જાય ચે. દેશમાં સિઝનલ વરસાદ પહેલી જૂન-૨૧મી જૂન દરમ્યાન ૭૬ ટકા રહે છે. હવામાન કચેરીએ કહ્યુ છે કે જૂલાઈ અને ઓગસ્ટ મહિનામાં સરેરાશ વરસાદ પાક માટે મહત્વપૂર્ણ હોય છે. મોનસુની વરસાદ તેના ટ્રેક પરથી હટી જઈને હાલમાં વિલંબ થઈ રહ્યો છે. આગામી ચાર દિવસ સુધી મોનસુની વરસાદ આગળ નહી વધે તેવી શક્યતા છે.

'એમેજીંગ સ્પાઇડર મેન'માં ઇરફાન ખાનની ભૂમિકા છે

મુંબઈ, તા.૨૨

અભિનેતા ઈરફાન ખાન માત્ર બોલિવુડમાં જ નહી બલ્કે હોલિવુડની ફિલ્મોમા પણ પોતાની કુશળતા દર્શાવી છે. દ માઈટી હાર્ટમાં યાદગાર ભૂમિકા અદા કર્યા બાદ તે હવે નવી ફિલ્મમા પણ ભૂમિકા કરવા જઈ રહ્યો છે. અભિનેતા એન્ડ્રુય ગારફિલ્ડ અને એમા સ્ટોન અભિનીત દ એમેજીંગ સ્પાઈડરમેન નામની ફિલ્મમા પણ ઈરફાન ખાન યાદગાર ભૂમિકા અદા કરવા જઈ રહ્યો છે. આ સંબંધમાં પૂછવામા આવતા ઈરાને કહ્યુ છે કે દ એમેજીંગ સ્પાઈડરમેનમા તેની મોટી ભૂમિકા નથી. પરંતુ ભૂમિકા ચોક્કસ પણે છે. ઈરફાને આજે એમેજીંગ સ્પાઈડર મેનની પત્રકાર પરિષદ દરમ્યાન આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે તે એક ફિલ્મ માટે પબ્લિસિટીમાં વિશ્વાસ રાખે છે. ઈરફાને એમ પણ કહ્યુ હતુ કે ફિલ્મ માટે પબ્લિસિટી અતિ જરૂરી છે. ઈરફાને વિગત આપતા કહ્યુ છે કે આ ફિલ્મ પણ એક ઉત્કૃષ્ટ ફિલ્મ છે. ઈરફાને સ્પષ્ટતા કરી હતી કે ફિલ્મમાં ટુંકી ભૂમિકા હોવા છતાં ભૂમિકા લોકોને ગમી જશે. દ એમેજીંગ સ્પાઈડર મેન નામની ફિલ્મ ૨૯મી જૂનના દિવસે ભારતમાં રજૂ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં ગારફિલ્ડ અને એમા સ્ટોન મુખ્ય ભૂમિકા કરી રહ્યા છે. એન્ડ્રુય ગારફિલ્ડ પોતે પણ સ્પાઈડર મેનની ભૂમિકાને લઈને પહેલા નર્વસ હતો. લોકો તેને પસંદ કરશે નહી તેમ તે માની રહ્યો હતો.

ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સરકારે સત્તામાં કરેલા ૧૦૦ દિવસ પૂર્ણ

લખનૌ, તા.૨૨

ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સરકારે સત્તામાં ૧૦૦ દિવસ પરીપુર્ણ કરી લીધા છે. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે સત્તામાં ૧૦૦ દિવસ પુર્ણ કરવાના પ્રસંગે તેમના પુત્ર અખિલેશ યાદવને ૧૦૦ ટકા માર્ક આપ્યા છે. અને કહ્યું છે કે કોઈપણ સરકારને પરિણામ આપવામાં ઓછામાં ઓછા છ મહિનાની જરૂર પડે છે જેથી અખિલેશ સરકારના દેખાવની સમીક્ષા છ મહિના બાદ જ કરી શકાશે અને છ મહિના બાદ જ કામગીરીની સમિક્ષા પણ થઈ શકશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ પોતે છ મહિનાના ગાળા બાદ પરીસ્થીતીની સમીક્ષા કરશે. પક્ષના હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે સ્પષ્ટતા કરી હતી કે પક્ષની રાષ્ટ્રીય કારોબારીની મિટિંગ રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ કોલકત્તામાં યોજાશે. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રસના વડા મમતા બેનર્જી સાથે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને સંબંધો ખરાબ થયા બાદ સમાજવાદી પાર્ટી કારોબારીના સ્થળને બદલીને મધ્ય પ્રદેશ કરશે પરંતુ આવો કોઈ નિર્ણય કરાયો નથી. કારોબારીની મિટિંગ કોલકત્તામાં જ યોજાશે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમને ટેકો આપવાની સાંગમાંની અપીલ અંગે પુછવામાં આવતા મુલાયમે કહ્યું હતું કે તેમની પાર્ટી યુપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખર્જીને ટેકો આપશે. જો કે યાદવે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી બાદ અથવા તો પહેલા ત્રીજા મોરચાની રચનાની શક્યતાને નકારી નથી. પરિસ્થિતી ઝડપથી બદલાઈ રહી છે. જેથી એ મુજબ જ નિર્ણય લેવાઈ રહ્યા છે. મુલાયમસિંહે પોતાના પુત્રને પ્રંશસા કરતા કહ્યું છે કે સરકારે પ્રથમ ૧૦૦ દિવસમાં ઉલ્લેખનીય કામગીરી કરી છે.

તાતા મોટર્સની જીત : સિંગુર લેન્ડ એક્ટ રદ કરવા આદેશ

કોલકાતા,તા.૨૨

કોલકાતા હાઈકોર્ટે સિંગુર લેન્ડ એક્ટને રદ કરી દીધો છે જેથી મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટો ફટકો પડ્યો છે જ્યારે તાતા મોટર્સની મોટી જીત થઈ છે. કોલકાતા હાઈકોર્ટે સિંગુર એક્ટને ગેરબંધારણીય ગણાવીને આને ફગાવી દીધો છે. સિંગલ જજના આદેશ સામે તાતા મોટર્સની અપીલ પર હાઈકોર્ટની ડિવિઝન બેંચે આ આદેશ આપ્યો હતો. આ આદેશના અમલીકરણને બે મહિના સુધી મોકુફ રાખવામાં આવશે. સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરવા સરકારને તક આપવામાં આવી છે. હુગલી જિલ્લામાં સિંગુરમાં તાતા મોટર્સના નેનો કાર પ્રોજેક્ટ માટે તેમની હિસ્સેદારીની જમીન આપનાર અનિચ્છુક ખેડૂતોને ૪૦૦ એકર જમીન પરત કરવા માટેની જોગવાઈ ધરાવતા રાજ્ય સરકારના એક્ટને રદ કરી દેવાનો કોલકાતા હાઈકોર્ટે આદેશ કર્યો છે. સિંગુર લેન્ડ રિહેબીલીસ્ટેશન એન્ડ ડેવલોપમેન્ટ એક્ટમાં અનિચ્છુક ખેડૂતોને ૯૯૭ એકર નેનો પ્લોટના એક હિસ્સાને પરત આપી દેવાની વાત કરવામાં આવી હતી. પરંતુ કોલકાતા હઈકોર્ટની ડિવિઝન બેંચે સિંગુર લેન્ડ એક્ટને ગેરબંધારણીય ગણાવીને મમતા બેનર્જીને મોટો ફટકો આપી દીધો છે. જસ્ટિસ પીનાકી ચંદ્રા અને જસ્ટિસ મુણાંલ કાંતિની બનેલી કોલકાતા હાઈકોર્ટની બેચે આ ચુકાદો આપ્યો હતો. આ ચુકાદો ૧૧ વાગે જાહેર કરવામાં આવ્યો હતો અને આમા ધ્યાન દોરવામાં આવ્યું હતું કે એક્ટની થોડીક કલમો-૩, ૪, ૫ ગેરબંધારણીય છે. અગાઉ જસ્ટિસ આઈપી મુખરજી દ્વારા એક ચુકાદો આપવામાં આવ્યો હતો જેમાં આ એક્ટને બંધારણીય અને માન્ય ગણવામાં આવ્યો હતો. આઈપી મુખરજીના અગાઉના ચુકાદાને પડકાર ફેંકીને તાતા મોટર્સ દ્વારા હોઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સિંગુર લેન્ડ એક્ટની રચના ચોક્કસ હેતુ માટે કરવામાં આવી હતી. તાતા મોટર્સ પાસેથી ૯૯૭ એકર પ્લોટની જમીન પરત લઈ લેવાનો મુખ્ય હેતુ હતો. સાથે સાથે પ્રોજેક્ટ માટે તેમની જમીન આપવા અનિચ્છા દર્શાવનાર ખેડૂતોને ૪૦૦ એકર જમીન પરત આપી દેવાની યોજના હતી. સિંગુર પ્રકરણે ભારે હોબાળો મચાવ્યો હતો. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ મામલો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. જેના લીધે વર્ષ ૨૦૦૬માં ડાબેરી પક્ષોની સરકારની કારમી હાર થઈ હતી. ખેડૂતોને જમીન અપાવવામાં નિષ્ફળતા મળતાં તેમની સરકારના પ્રથમ ૧૩ મહિનામાં મુખ્યમંત્રીથી ખેડૂતો નારાજ હતા. જમીન પરત આપી દેવાનો નિર્ણય તૃણમૂલ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા ચૂંટણી વચનો પૈકી મહત્વપૂર્ણ વચન હતું. ૨૦મી મે ૨૦૧૧ના દિવસે તેમને પ્રથમ કેબીનેટ મિટીંગ બાદ પણ મુખ્યમંત્રીએ આ સંબંધમાં જાહેરાત કરી હતી.

પશ્ચિમ બંગાળ સરકારે ૧૪મી જૂન ૨૦૧૧ના દિવસે એક બિલ પસાર કર્યું હતું. આના એક સપ્તાહ બાદ જ તાતા મોટર્સે કોલકાતા હાઈકોર્ટમાં અપીલ કરીને તેની બંધારણીય કાયદે સરકારને પડકાર ફેક્યો હતો.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



દિલ્હીમાં ઍલઍનજેપી હૉસ્પિટલ નજીક ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગ દરમ્યાન ભસ્મીભૂત થઈ ગયેલાં મકાનો તસવીરમાં જોઈ શકાય છે.

આગવો માણસ-આપણો માણસ •બીજા પાનાનું અનુસંધાન

સોનલબેનને ફરિયાદી થવું ગમતું નથી. વિપરીત સંજોગોમાં સંઘર્ષ કરીને સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી, ડૉ. સોનલ મહેતા વિકલાંગોને નવો રાહ ચીંધે છે. દૃષ્ટિહીનોનો ઉત્સાહ વધારતાં તેઓ કહે છે કે કોઈ ચીજના અભાવથી જિંદગી સમાપ્ત થઈ જતી નથી. જે નથી જ તેના વિશે રડવા કરતાં તેના વિકલ્પો શોધી લેવા અથવા છે તેને માણી લેવું જ સલાહભર્યું છે. તેઓનું માનવું છે કે હકારાત્મક અભિગમથી જટિલમાં જટિલ અવરોધો પાર કરી શકાય છે. જીવન મોજ કરવા માટે છે. વિકલાંગતા સાથે પણ જીવનને પાગલપનની હદ સુધી માણી શકે તે ધન્યવાદને પાત્ર છે. ડૉ. સોનલ મહેતાને ૨૦૦૩માં ગાંધીનગરની રોટરી ક્લબે યંગ એચિવર્સ એવોર્ડથી નવાજ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે ત્રણ અંધ મહિલાઓને વિશેષ સિધ્ધિ બદલ આપવામાં આવતો નીલમ કાંગા એવોર્ડ પણ ૨૦૦૩માં ડૉ. સોનલબેનને મળ્યો. ભવિષ્યમાં લેખક બનવાની, પીએચડીના ગાઈડ બનવાની અને ગરીબ બાળકોને અંગ્રેજી શીખવવાની તેમની મહેચ્છા છે.

આપણા માટે એક દુખની વાત છે કે ડૉ. સોનલ મહેતાએ ડિસેમ્બર, ૨૦૦૯થી ગાંધીનગર છોડી દીધું છે. અમદાવાદ રહેવા ગયાં છે, સ્પષ્ટતા મજાની છે. શ્રીમાન ઉશીર શાહ અમદાવાદ રહે છે. (સોનલબેનના લગ્ન ઉશીર શાહ સાથે થયા છે) પણ આપણાં સોનલબેનનું પિયર ગાંધીનગરમાં છે તે અને પ્રાથમિક શાળાથી પીએચડી સુધી સોનલબેન ગાંધીનગરમાં જ રહ્યાં, એ બંને ગૌરવ તો આપણાં જ કે નહીં???

વિચારકણિકા : Nothing is impossible in this world by firm determination and unceasing efforts..... Helen Keller